

## વાડીએ સેકાયેલો પુત્ર બચી ગયો





## ...સહિત બધું જ પૂરું થઇ ગયુ હતું

## 1 હજારની કિંમતનાં ઇએલસીબી સાધનથી દુર્ઘટનાનું જોખમ ઘટાડી શકાય છે

...ા પણ

...આપું

...તે જોજો

# સુરેન્દ્રનગર, નડિયાદના 4 દલાલો સામે ફરિયાદ નોંધાઇ

# લખતરના યુવકે દોઢ લાખમાં લગ્ન કર્યા, 4 દિ' બાદ લૂંટરી દુલ્હન ફરાર

## બીમાર માતની ખબર કાઢવાના બહાને ગઇ પાછી ન આવી

લખતરમાં રહેતા અને વાર્ણદ કામ કરતા યુવાને સુરેન્દ્રનગરમાં તા. 3 જાન્યુઆરીએ યુવતી સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. લગ્નના ચાર દિવસ બાદ માંની બીમારીનું કહી પરિણીતા પિયર ગયા બાદ પાછી ફરી ન હતી. આથી યુવકે સુરેન્દ્રનગર એ ડીવીઝન પોલીસ મથકે લગ્ન કરાવી આપનાર 4 શખ્સો સામે રૂપિયા 1.60 લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

લખતરની સુથાર શેરીમાં રહેતા 35 વર્ષના વાર્ણદ યુવાન ભાવેશભાઇ ભીખાભાઇ લખતરીયાના લગ્ન ન થતા તેઓ દલાલોના સંપર્કમાં આવ્યા હતા. જેમાં મૂળ તારાપુરની અને હાલ અમદાવાદ રહેતી યુવતી પીંકી તેઓને બતાવાઇ હતી. આ યુવતી સાથે લગ્ન કરાવવા સુરેન્દ્રનગરના કરમશીભાઇ ઉર્ફે વેરશીભાઇ શાર્દુલભાઇ રબારી, અબ્દુલખાન નગરખાન મલેક, ભરતભાઇ પ્રહલાદભાઇ પુજારા અને નડીયાદના સરોજબેન બાબુભાઇ મોચીએ રૂપિયા 1.70 લાખની માંગણી કરી હતી. પરંતુ અંતે રૂપિયા 1.60 લાખમાં ભાવેશભાઇ પતાવટ કરી નાણા આપ્યા હતા. તા. 3 જાન્યુઆરીએ કલેકટર કચેરીના કમ્પાઉન્ડમાં બેઠક કરી સ્ટેમ્પ પેપર પર કરાર કરી ભાવેશભાઇ પત્ની પીંકીને લઇ લખતર ગયા હતા. જ્યાંથી માં બીમાર હોવાનું કહી તા. 7ના રોજ લખતરથી પીંકી અમદાવાદ જવા નીકળી હતી. થોડા દિવસો સુધી પીંકી ન આવતા ભાવેશભાઇએ સરોજબેનને પૂછતા તેઓએ તારાપુરનું તેનું ઘર બંધ હોવાનું કહ્યુ હતુ. બનાવને છ માસ થયા બાદ પોતે છેતરાયા હોવાની જાણ થતા મહિલા સહિત ચારેય શખ્સો સામે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા વધુ તપાસ પીએસઆઇ વાય.આર.જોશી ચલાવી રહ્યા છે.

### માસીકનું બહાનું કાઢી ચાર દિવસ દૂર રહી



લખતરના યુવાનના લગ્ન થયા બાદ માસીકનું બહાનુ કાઢી બે દિવસ પતિને દૂર રાખ્યો હતો. ત્યારબાદ બે દિવસ માં બીમાર હોવાથી ઘરે જવાની વાત કરી ચોથા દિવસે યુવતી પીંકી લખતરથી અમદાવાદ જવા નીકળી હતી.

### તમે ગમો છો, હવે આપણે પતિ-પત્ની બનીશું



કલેકટર કચેરીના કમ્પાઉન્ડમાં ભાવેશભાઇને પીંકી બતાવ્યા બાદ બન્નેએ એકાંતમાં વાત કરી હતી. જેમાં પીંકીએ કહેલ કે, તમે મને ગમો છો. આપણે પતિ-પત્ની બનીશું. ત્યારબાદ સ્ટેમ્પ પેપર પર કરાર કરાયા હતા.

...ન ભરે,

...શું